# હીરા હવે તમારા થઈ શકશે... હપ્તે હપ્તે!

**ડાયમંડના સોદા માટે વિશ્વનું સૌપ્રથમ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ ભારતમાં આકાર પામી રહ્યું છે... આ મહિનામાં કાર્યરત થવાની જેની આશા છે એની શું છે મુખ્ય વિશેષતા?**

ડાયમંડ-હીરા આમ તો બે કારણસર આપણી આંખો પહોળી કરી દે છે. એક, એની જબરદસ્ત ચમક ને આકારથી અને બીજી એની ઊંચી કિંમતથી. સાધારણ કે મધ્યમ વર્ગના પરિવાર માટે ડાયમંડ (અસલી) ખરીદવા કે પહેરવા મોટે ભાગે સપના કે કલ્પના જેવી વાત હોય છે, પરંતુ હવે શૅરબજારની જેમ નાના ઈન્વેસ્ટર્સ પણ ડાયમંડમાં રોકાણ કરી શકશે.

યસ! વિશ્વનું પ્રથમ ડાયમંડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ ભારતમાં શરૂ થઈ રહ્યું છે. અનિલ અંબાણીનું *રિલાયન્સ ગ્રુપ* જેમાં ૨૬ ટકા ઈક્વિટી હિસ્સો ધરાવે છે એ *ઈન્ડિયન કૉમોડિટી એક્સચેન્જ* (આઈસીઈએક્સ) ડાયમંડમાં ડેરિવેટિવ્ઝ-ફ્યુચર્સ ટ્રેડિંગનો આરંભ કરી રહ્યું છે. હવે રોકાણકારો એમના ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયોમાં ડાયમંડનો પણ સમાવેશ કરી શકશે. મજાની વાત એ છે કે શૅર કે કૉમોડિટીઝની જેમ રોકાણકારો ડાયમંડમાં *સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન* (એસઆઈપી) સમાન રોકાણ પણ કરી શકશે. આ વાતને ધ્યાનમાં રાખી એક્સચેન્જ ડાયમંડના સોદા માટે નાનો લૉટ રાખી રહ્યું છે, જેને પગલે નાના રિટેલ બ્રોકરો પણ આઈસીઈએક્સમાં મેમ્બરશિપ મેળવવા વધુ ઉત્સુક બની રહ્યા છે. આ મહિનાના અંતિમ સપ્તાહમાં ડાયમંડ ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગનું ઉદ્ઘાટન નાણાપ્રધાનના હસ્તે થશે.

વર્તમાન બજારમાં ડાયમંડનું વૉલ્યૂમ ૧.૪૦ લાખ કરોડ રૂપિયા જેટલું હોવાનો અંદાજ છે. હવે પછી ડાયમંડ ટ્રેડિંગમાં પહેલી વાર ડેરિવેટિવ્ઝ (ફ્યુચર્સ) શરૂ થવાથી આ માર્કેટનું વૉલ્યૂમ અનેકગણું વધી જશે. આનાથી જો કે હીરાની હાજર બજારને કોઈ વિપરીત અસર નહીં થાય. આ એક્સચેન્જ આમ તો છેલ્લાં કેટલાંક





*સંજિત પ્રસાદ: નાના વેપારી-રોકાણકારોને પણ લાભ...*

વરસથી કાર્યરત છે, જેના પર અન્ય કૉમોડિટીઝના સોદા થતા રહ્યા છે. હવે એક્સચેન્જ એની નવેસરથી વ્યૂહરચના ઘડીને, એક નવી શરૂઆત કરી રહ્યું છે, જેમાં ઈલેક્ટ્રોનિક એક્સચેન્જ પ્લૅટફૉર્મ પર ટ્રેડિંગ થશે. આ માટે એક્સચેન્જને નિયમનકાર સંસ્થા *સેબી* (સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા) તરફથી મંજૂરી પણ મળી ગઈ છે. આ એક્સચેન્જનું લક્ષ્ય ડાયમંડ માટે ભારતને વિશ્વમાં પ્રાઈસ સેન્ટર બનાવવાનું છે.

### મર્જરથી મજબૂતી...

આઈસીઈએક્સ માટે નવી વ્યૂહરચનામાં એક સહાયક પરિબળ એ બન્યું છે કે ગુજરાતનું નૅશનલ *મલ્ટિ-કૉમોડિટીઝ* એક્સચેન્જનું એની સાથે મર્જર થયું છે, જેને પરિણામે આઈસીઈએક્સની નેટવર્થ ૨૦૦ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. આમ બે એક્સચેન્જની શક્તિ એક થતાં એના વૉલ્યૂમને વેગ મળવાની આશા છે.

### નાના વર્ગ માટે પણ મોટી તક...

આઈસીઈએક્સના મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ **સંજિત પ્રસાદ** *ચિત્રલેખા*ને કહે છે કે ભારત ડાયમંડ બિઝનેસમાં વરસોથી મોટો વ્યાપ અને વૉલ્યૂમ ધરાવે છે. હવે પછી આ ફ્યુચર્સ ટ્રેડિંગ શરૂ થવાને પગલે ડાયમંડ માટે ભારત પ્રાઈસ સેન્ટર પણ બનશે અર્થાત્ વિશ્વભરમાં ડાયમંડના ભાવના નિર્ધારણ ભારતની માર્કેટ નક્કી કરે યા સંકેત આપે એવું બનશે. અમારો હેતુ નાના વેપારીઓ, ટ્રેડર્સ અને નાના રોકાણકારો પણ આનો લાભ લઈ શકે એવું માળખું ઊભું કરવાનો છે.

### ફ્યુચર્સ ટ્રેડિંગનું કદ-ક્વૉલિટી

આ એક્સચેન્જ પર એક સેન્ટનું ટ્રેડિંગ (એક સેન્ટ એટલે બે મિલિગ્રામ-એમજી અર્થાત્ એક કૅરેટનો એકસોમો ભાગ કે અંશ) કરી શકાશે. આની ડિલિવરીનું સેન્ટર સુરત રહેશે. ટ્રેડર મહત્તમ ૩૦૦૦ સેન્ટનો ઑર્ડર કરી શકશે. ટૂંકમાં, નાનો રોકાણકાર માત્ર રૂપિયા ૩૫૦૦ની રકમ સાથે રોકાણ કરી શકશે. અત્યારે વિશ્વમાં ક્યાંય આટલા નાના કદમાં ડાયમંડનું ટ્રેડિંગ થતું નથી. ડાયમંડની ક્વૉલિટીમાં એનું કટિંગ, પૉલિશિંગ, કલર, સાઈઝ, આકાર, ક્લેરિટી, વગેરે જેવાં પરિબળને પણ આમાં આવરી લેવામાં આવશે, સપ્લાયર એની શ્રેષ્ઠતાની ખાતરી આપશે.

### ડાયમંડમાં પણ હવે એસઆઈપી...

આ એક્સચેન્જ મારફત ડાયમંડમાં એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) પણ થઈ શકશે સંજિત પ્રસાદના કહેવા અનુસાર:

જેમ ગોલ્ડ ઈટીએફ (એક્સચેન્જ ટ્રેડ ફંડ)માં રોકાણ થઈ શકે છે અને ઈલેક્ટ્રોનિક સ્વરૂપે એક યુનિટ ગોલ્ડ પણ ખરીદીને ડિમેટ એકાઉન્ટમાં જમા કરાવી શકાય છે અને અમુક વરસ બાદ એના પ્રવર્તમાન ભાવને આધારે વેચીને નફો કરી એ જ નાણાંથી ફિઝિકલ સ્વરૂપે સોનું ખરીદી શકાય એવું જ અહીં થઈ શકશે.

ડાયમંડની નાના લૉટમાં એટલે કે એક યુનિટ ૩૫૦૦ રૂપિયામાં ખરીદી શકાશે. આમ નાના રોકાણકાર સમયાંતરે ડાયમંડ સેન્ટ સ્વરૂપે જમા કરતા જઈ એનો પોર્ટફોલિયો મોટો બનાવતા જઈ શકે છે. આમ ધીમે ધીમે ૧૦૦ યુનિટ સેન્ટ જમા થતાં એક કૅરેટ ડાયમંડ થશે, જેની રોકાણકાર ફિઝિકલ ડિલિવરી પણ મેળવી શકશે. આ ડિલિવરી એક્સચેન્જ પોતે આપશે. જો કે આ સમય દરમિયાન રોકાણકારે આ યુનિટ વેચીને નાણાં મેળવવાં હોય તો એક્સચેન્જ પર આ વ્યવહાર પણ થઈ શકશે. આ એક્સચેન્જ સેબીના નિયમન હેઠળ હોવાથી રોકાણકારોએ આ વિષયમાં ચિંતા કરવાની જરૂર રહેશે નહીં. અહીં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ડાયમંડ અત્યાર સુધી ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ ગણાતી નહોતી. ખાસ કરીને નાના-મધ્યમ રોકાણકારો તો એનો વિચાર સુદ્ધાં કરી શકતા નહોતા. હવે આ સંભવ બનશે. અલબત્ત, આ માટે રોકાણકારે અલગ ડિમેટ એકાઉન્ટ ખોલાવવું પડશે.

■ **જયેશ ચિતલિયા**